<u>મુદામાલ પરત મેળવવાની અરજી તળે હુકમ :–</u>

(૧) અરજદાર મગન શંભુલાલ નટ એ ભુજ શહેર એ ડીવી.પો.સ્ટે. પાર્ટ બી ગુના રજી.નં. ૦૨૨૧/૨૬, એમ.વી.એકટની કલમ ૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી) વાળા ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદામાલ વા–હન પીઆજીઓ કંપનીનું Ape Auto HT DX CNG આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં. GJ–12–BU–6575 ની વચગાળાની કસ્ટડી મેળવવા ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૯૭ મુજબ હાલની અરજી કરી જણાવેલ છે કે આ ગુના કામે કબજે થયેલ વાહન તેઓની માલિકીનું છે, જે લાંબો સમય પોલિસ સ્ટેશનમાં બિનવપરાશે પડી રહે તો તેના સ્પેરપાર્ટસ અને મશીનરીને નુકસાન થાય તેમ હોઇ, વાહન તેઓને પરત સોંપવાનો હુકમ કરવામાં આવશે તો નામ.–કોર્ટ ધ્વારા ફરમાવવામાં આવેલ તમામ શરતોનું પાલન કરવા અને જામીન આપવા તૈયાર હોઇ વાહન પરત સોંપવા અરજ કરેલ છે.

(૨) તેઓએ તેમની અરજીના સમર્થનમાં મુદામાલ વાહનની માલિકી બાબતે આર.સી.બુકની નકલ, અરજદારના આધાર કાર્ડની નકલ, નો કલેઇમ અંગેનું સોગંદનામું, લોન સ્ટેટમેન્ટની નકલ રજુ કરેલ છે.

(૩) આ કામે જરૂરી પક્ષકારોને નોટીસ કાઢેલ અને તેના અનુસંધાને ત.ક. અ.શ્રી એ પોતાનો અભિપ્રાય મુદામાલ પાવતી અને પંચનામાની નકલ સાથે રજુ કરેલ છે, જેમાં તેઓએ ઉપરોકત મુદામાલ અરજદારને પરત ન સોંપવાનો નકારાત્મક અભિપ્રાય આપેલ છે. અરજી તળે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો.

(૪) ઉપરોકત સમગ્ર હકીકતોને લક્ષમાં લેતાં તેમજ બંને પક્ષકારો તરફે રજુ થયેલ રજુઆતો, અરજદારે અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી આધારો વંચાણે લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, મુદામાલ વાહન તેઓની માલિકીનું છે. જેથી અરજદાર તેઓની માલીકીનું વાહન મેળવવા હકકદાર હોવાનું પ્રથમ નજરે જણાઇ આવે છે. તેઓની રજુઆત મુજબ વાહન લાંબો સમય પોલિસ સ્ટેશન–માં બિનવપરાશે પડી રહે તો તેના સ્પેર પાર્ટસ, મશીનરીને નુકસાન તેવી સંભાવના હોવાની રજુઆત યોગ્ય જણાય છે. વધુમાં નામદાર સર્વોચ્ચ અદા–

લતના સુંદરલાલ અંબાલાલ દેસાઇ વિ.સ્ટેટ ઓફ ગુજરાત નો ચુકાદો જે એ.આઇ.આર. ૨૦૦૩ એસ.સી. ૬૩૮ પર પ્રસિધ્ધ થયેલ છે, તેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે મુદામાલને લાંબો સમય પોલિસ સ્ટેશનમાં પડતર ન રાખતાં યોગ્ય શરતોને આધીન તેના માલીક ને સોંપવો જોઇએ. મુદામાલ એ મશીનરી હોઇ, વાતાવરણને કારણે લાંબો સમય પો.સ્ટે.માં પડો રહે તો તેને નુકસાન થવાની પણ શકયતા રહેલી છે અને કેસ ચાલીને નિકાલ સમયે મુદામાલ પરત સોંપવાના હુકમ કરતાં સદરહુ મુદા- માલની જાળવણી અને ખર્ચ સંબંધેના પ્રશ્નો પણ ઉપસ્થીત થવાની શકયતા રહેલી છે. આ અરજીના કામે ત.ક.અ.શ્રી નો અભિપ્રાય ધ્યાને લેતાં તેઓએ મુદામાલ પરત ન સોંપવાનો નકારાત્મક અભિપ્રાય આપેલ છે, પરંતુ મુદામા- લની તપાસના કામે કોઇ જરૂરીયાત હોવાનું જણાવેલ નથી. વધુમાં તેઓના અભિપ્રાય સંબંધે શરત મુકી શકાય તેમ છે. અરજદાર સિવાય અન્ય કોઇ વ્યકિત એ મુદામાલ સંબંધે કલેઇમ કરેલ નથી, તે સંજોગોમાં રજુ થયેલ રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર મુદામાલના માલીક હોવાનું જણાય છે. પોલિસ તપાસના કામે મુદામાલની જરૂરીયાત ન હોય, ત્યારે અરજદારનો મુદામાલ કેસ પુરો થતાં સુધી પોલિસ સ્ટેશને મુકી રાખવાનું ન્યાયોચીત જણાતું નથી તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૯૭ ની જોગવાઇને ધ્યાને લેતાં હાલના અરજદારને મુદામાલ વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવાનો શરતી હુકમ કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઇ રહેશે, તેવા મંતવ્ય પર આવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે :-

**-:: હુકમ ::-**

અરજદાર મગન શંભુલાલ નટ એ ભુજ શહેર એ ડીવી.પો.સ્ટે. પાર્ટ બી ગુના રજી.નં. ૦૨૨૧/૨૬, એમ.વી.એકટની કલમ ૧૮૫ તથા પ્રોહી.એકટની કલમ ૬૬(૧)(બી) વાળા ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદામાલ વા- હન પીઆજીઓ કંપનીનું Ape Auto HT DX CNG આર.ટી.ઓ.રજીસ્ટ્રેશન નં. GJ-12-BU-6575 ની વચગાળાની કસ્ટડી મેળવવા કરેલ હાલની અરજી મંજુર કરવામાં આવે છે અને એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદારે મુદામાલ પાવતીમાં જણાવેલ રકમની દોઢ ગણી રકમના જામીન તથા તેટલી જ

રકમના જાત મુચરકા પોલિસ સ્ટેશનના જવાબદાર અધિકૃત અધિકારી સમક્ષ રજુ કર્યેથી વચગાળાની કસ્ટડીએ, કામચલાઉ ધોરણે, નીચેની શરતોને આધીન ઉપરોકત મુદામાલ વાહન વચગાળાની કસ્ટડી તરીકે પરત સોંપવું.

**શરતો :–**

૧. આ કેસની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી તેઓએ મુદામાલ કોઇને પણ વેચાણ, ગીરો કે ટ્રાન્સફર કરવો કરાવવો નહીં.

૨. અત્રેની અદાલત તથા ત.ક.અ. જયારે પણ મુદામાલ મગાવે ત્યારે તે અરજદારે રજુ કરવો.

૩. આ કેસની ઇન્સાફી કાર્યવાહી પુર્ણ ન થાય ત્યાં સુધી તેઓએ મુદામાલ ના બાહ્ય માળખામાં કોઇ પણ જાતનો ફેરફાર કરવો કરાવવો નહીં તેમજ સદર મુદામાલનો એક ફોટો પાડી, તે પાછળ પોતાની સહી કરી બોન્ડ સાથે ત.ક.અ. ને આપવા.

૪. તેઓએ મુદામાલનો ઉપયોગ કોઇપણ ગુનાહીત પ્રવૃતિમાં કરવો કરાવવો નહીં.

૫. સંબંધીત પોલિસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રી ને હુકમ કરવામાં આવે છે કે મુદામાલ અંગે માલીકી હકકની ખરાઇ કર્યા બાદ જ મુદામાલ પરત સોંપવો.

૬. ઉપરોકત કોઇ પણ શરતનો ભંગ થયેથી મુદામાલ આપોઆપ જપ્ત થવાને પાત્ર રહેશે.

હુકમ મુજબ સંબંધિત પોલિસ સ્ટેશનને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૩/૨૦૨૬
સ્થળ : ભુજ–કચ્છ

**( એમ. એમ. કુરેશી )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ભુજ–કચ્છ.
GJ01472